સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

બાપુના નામે, પક્ષ-પ્રચારની પિટાય છે દાંડી!
અછત છે મીઠાંની, સૌ-પક્ષોમાં અંટાય છે દાંડી!
ખેંચાય છે નાકની દાંડી અસત્યના આગ્રહથી -
છે નહીં આમાં કોઈ ગાંધીવાદી ભિંડાય છે દાંડી...
(સત્યાગ્રહીઓની દાંડીકૂચ)

હાઈકુ

નકલ ગાંડી -
થી થશે ગૂલ દાંડી,
કોંગીની જેમ !
(મુજ વીતી વિતશે...)

બતાવી ઝંડી -
દોડસે કાર્યકરો -
માંડી રમત !
(દાંડીકૂચ નાટક)

ચિંતન

પાતાલમાવિશતિ યાસિ નભો વિલંઘ્ય, દિગ્મંડલં ભ્રમસિ માનસચાપલેન,
ભ્રાન્ત્યાપિ જાતુ વિમલં કથામાત્મનીનં, તદ્બ્રહ્મ ન સસ્મરસિ નિવૃતિમેષિ યેન ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં પ્રાપ્ત કરવા જેવી બે વસ્તુ છે. સુખ અને શાંતિ. સુખ, સગવડો ને આધિન છે. સગવડો, આવિષ્કારને આધિન છે. આવિષ્કાર વિજ્ઞાનને આધિન છે, વિજ્ઞાન, પ્રયોગ શાળાને આધીન છે. પ્રયોગશાળા, જિજ્ઞાસાને આધીન છે. જયાં પ્રયોગશાળાઓ હશે ત્યાં આવિષ્કારો હશે. આવિષ્કારોથી સગવડો અને સગવડોથી સુખ મળતું હોય છે આ ભૌતિક સુખ હોય છે.

પણ શાંતિ સગવડોને આધીન હોતી નથી. સગવડો વિના પણ માણસ શાંતિ ભોગવી શકતો હોય છે. શાંતિ વિના મહેલોની સગવડોનું સુખ પણ અનુભવાતું નથી. એટલે મૂળ તત્ત્વ તો શાંતિ જ છે. શાંતિ માટે પરમબ્રહ્મ પરમાત્માનું સ્મરણ કરવું. બ્રહ્મચિંતન કરવું. ઈશ્વરનું નામ સ્મરણ કરું.

સુવિચાર

- જો સિરફિરે હોતે હૈ, વહી ઈતિહાસ લિખતે હૈ.... સમજદાર લોક તો સિર્ફ ઉનકે બારે મેં પઢતે હૈં - **અનિલ સંગદીલ**
- જયારે માણસ આત્મનિષ્ઠાનું બળ લઈને તેના સહારે જીવવા માંડે છે
  ત્યારે એને બહુમતી સહાયતાની અપેક્ષા રહેતી નથી - **ધર્મલોક**
- આમાન્યા અને મલાજો એ કંઈ વ્યક્તિ ઉપર સમાજે લાદેલો કાયદો નથી પણ સમાજની તંદુરસ્તી માટે સમાજે નક્કી કરેલો સામાજિક વ્યવહાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારા રામ ભલે અત્ર-તત્ર-સર્વત્ર હાજરાહાજુર હોય,
  પરંતુ 'આત્મારામ' વગર બધું શૂન્ય છે - **સમર્થ રામદાસ**
- જયારે માણસની વિચારધારા ખાબોચિયું ત્યજીને નદીની જેમ વહેમવા લાગે ત્યારે
  તે નિર્મળતા પ્રાપ્ત કરે છે - **સ્વામી સચ્ચિદાનંદ**
- પહેલા લોકો સાચું બોલવવા માટે 'સમ' ખવડાવતાં હતા...
  અને હવે 'સ્કીન શોટ' બતાવવા પડે છે - **શોધન સરીન**
- આજનું ઔષધ : ચમેલીના તેલમાં કપૂર મેળવી શરીર પર માલિશ કરવાથી ખંજવાળ મટે છ

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રોજ સવારે હું સાઈકલ લઈ નીકળી પડું છું. એક વખત એક મારા જેવા સાયકલ સવાર મારાથી લગભગ ૨૦૦ મીટર આગળ સાઈકલ ચલાવતો હતો. તેઓ મારા કરતા ધીમી સ્પીડમાં હતા આથી મેં એમની આગળ નીકળી જવા નિર્ણય કર્યો. મારે હજી એકાદ કિલો મીટર બાદ ટર્ન લેવાનો હતો. ધીરે ધીરે મેં જોર લગાવ્યું અને થોડી જ મીનીટમાં અમારા વચ્ચે પચાસેક મીટર જેટલું અંતર વધ્યું. મે જોર કર્યું કે હું આજે એમને હરાવી જ દઈશ. આખરે હું એમની આગલ નીગળી ગયો. અંદરથી મને લાગ્યું કે 'મેં પેલા ને હરાવી દીધો.' હકીકતમાં તે વ્યક્તિને આ સાયકલ રેસ વિશે કંઈ ખ્યાલ ન હતો.

તેનાથી આગળ નીકળી ગયા બાદ મને ખબર પડી કે મારે જયાંથી ટર્ન લેવાનો હતો તે ટર્ન તો કયારનોય પસાર થઈ ગયો હતો. હવે તો મારે પાછા ફરવું જ પડે તેવું હતું.

જિંદગીમાં આપણે ઘણી વખત સહકર્મચારી, કુટુંબીજનો કે મિત્રો કે પડોશી સાથે સફળતાની સ્પર્ધા કરીએ છીએ ત્યારે આપણાથી ઘણી વસ્તુ છૂટી જાય છે કે રસ્તો ભૂલી જઈએ છીએ. આ પ્રકારની સ્પર્ધા એ કયારેય ન પૂરી થનારી સ્પર્ધા છે.

યુદ્ધ અને પ્રેમમાં બધું જ યોગ્ય...

તંત્રીસ્થાનેથી...

નૈતિક મૂલ્યો હવે પોથીમાંનાં રીંગણાં બની ગયેલ છે. નેતાઓ કોઈ ધર્માત્માઓ નથી કે એમને અનૈતિક આચરણ ડંખે. કમનસીબે આ દેશે ગાંધી-સરદાર કે નહેરુ જેવા નૈતિક મૂલ્યોના હિમાયતી નેતાઓ જોયા ખરા. શાસ્ત્રી અને મનમોહનસિંહ કે વાજપેયી માટે પણ એમ કહી શકાય. પરંતુ સમયની સાથે નૈતિક મૂલ્યોનો હ્રાસ થતો ગયો જેનો સૂત્રપાત રાષ્ટ્રીય સ્તરે ઈંદિરા ગાંધીના શાસનકાળથી થયો. રાજય સ્તરે આ દેશની પ્રજાએ સૌરાષ્ટ્રના ઢેબરભાઈ, ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા કે બિહારના શ્રીકૃષ્ણસિંહ અને કર્પૂરી ઠાકુરને જોયા છે. પેઢીઓ બદલાતાં એ નામો વિસ્મરણની કચરા ટોપલીમાં પધરાવાઈ ગયાં છે. બંગાળમાં ચૂંટણીનો માહોલ છે અને આગામી ૨૭મી તારીખે પહેલા તબક્કાનું મતદાન થવાનું છે. પૂર્વ ભારતના આ વિશિષ્ટ અને વિશાળ રાજયનાં વર્તમાન મુખ્યમંત્રી મમતા બેનર્જી વિશે જનસાધારણ ઊંચો અભિપ્રાય ધરાવે છે. મમતા બેનરજી એમની લોકનિષ્ઠા, સાદગી અને સ્વાભિમાનના મુદ્દે બંગાળની પ્રજાને ગમતાં રહ્યાં છે. એ કોઈ વિદુષી નથી. પણ મા, માટી માનુષની એમની થિયરી બંગપ્રજાના હૈયે કોતરાઈ ગયેલી છે. સામાન્ય રીતે મમતા ઉગ્ર અંદાજમાં વાત કરતાં હોય છે. નરસિંહ રાવની સરકારના મંત્રીપદેથી રાજીનામું આપી એમને પોતાનો પ્રાદેશિક પક્ષ સ્થાપ્યો હતો. એમનું મૂળ ગોત્ર તો કોંગ્રેસ, પણ કોંગ્રેસના હાઈકમાંડની જોહુકમી મમતાને નહોતી ગમતી. સોનિયા ગાંધી સાથે પણ મૈત્રીભાવ જરૂર રાખતાં રહ્યાં છે પરંતુ કોંગ્રેસના પ્રદેશ એકમ સાથે કયારેય એમને ગોઠ્યું નથી. નંદીગ્રામ પંથકમાં પ્રચારકાર્ય માટે ગયેલાં ત્યારે એમના પગ સાથે એમની જ ગાડીનો દરવાજો અથડાતાં એમને ઈજાઓ થઈ છે. મમતાએ ચાર-પાંચ જણાએ ઈરાદાપૂર્વક હુમલો કર્યાનો આક્ષેપ કર્યો છે. તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર્તાઓએ દીદીની હત્યાનો પ્રયાસ થયો હોવાનો પ્રચાર કરી ટ્રેનો અને રસ્તાઓ રોકયા છે. મમતાએ પ્લાસ્ટરવાળા પગ સાથે વ્હીલચેરમાં બેસી પ્રચારકાર્ય કરવાનું સ્વીકારી કાર્યકર્તાઓને આશ્વાસન આપ્યું છે. વિપક્ષી ભારતીય જનતા પાર્ટી, ડાબેરીઓ અને કોંગ્રેસીઓ મમતાના આ ઈજા-પ્રકરણને નૌટંકીમાં ખપાવવા પ્રયાસ કરી રહ્યા છે. તૃણમૂલના નેતાઓ એને વિજયનો આગોતરો સંકેત માની રહ્યા છે. તૃણમૂલ નેતાઓએ આ મુદ્દે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ પણ કરી છે. જો કે મમતા સહિત એ જે નતાઓ ચૂંટણીપંચ કેન્દ્રના ઈશારે કામ કરતું હોવાના આક્ષેપ પણ કરી રહ્યા છે. સામાન્ય માનવી કે પશ્ચિમ બંગાળનો આમ મતદાતા મમતાજી 'નૌટંકી' પણ કરી શકે એ માનવા તૈયાર નહીં થાય. ખરું પૂછો તો મમતા દીદીને સરખો કટાક્ષ કરતાં પણ નથી આવડતું. એ પ્રતિષ્ઠિત રાજપુરુષોને 'ગુજરાતી ગુંડાઓ' કહી એમની લાક્ષણિક ઢબે ઉગ્રતાપૂર્વક ભાંડી શકે છે. શું નંદીગ્રામ અને પશ્ચિમ બંગાળ મમતા બેનરજી માટે જોખમી સાબિત થશે? ભવાનીપુરની મૂળ બેઠક છોડી મમતા બેનરજીએ નંદીગ્રામ પર પસંદગી ઉતારી એને વિપક્ષો ભયભીત થઈ કરેલું પલાયન ગણે છે. મમતા દીદી સામે એમના જ મંત્રીમંડળમાંથી થોડા દિવસ અગાઉ રાજીનામું આપી ભાજપમાં જોડાયેલા શુભેન્દુ અધિકારી ચૂંટણી લડી રહ્યા છે. શુભેન્દુ અધિકારી ૨૦૧૬ વિધાનસભાની ચૂંટણી નંદીગ્રામથી જ લડીને જીત્યા હતા. નંદીગ્રામના વિકાસમાં બેઉનો સહિયારો હાથ છે - બેઉ દાવો કરી શકે એમ છે કે નંદીગ્રામનો નકશો અમે બદલ્યો છે. તો શું મમતાજીએ ખરેખર ખોટી આક્ષેપબાજી કરીને સહાનુભૂતિ પ્રાપ્ત કરવાનું નાટક કર્યું હશે ? એનો જવાબ તો ફક્ત પોતે જ જાણતા હશે. એવરી થિંગ ઈઝ ફૅર ઈન લવ એન્ડ વૉર !

ભૂલી ન જાઓ તમે પણ એક વખત બાળક હતા

શ્રણિક દલાલ

'બાળક પણ પ્રભુનું સ્વરૂપ જ ગણાય છે.' વડિલો પાસે સમજ શક્તિ, પૈસો, વિવિધ અનુભવ તથા શારિરિક શક્તિ, ધરાવતાં હોવાથી તેઓ અહમ્ પોષતા હોય છે. જેથી બાળકો પર જોહૂકમી ચલાવતાં હોય છે. પરંતુ તેઓ સમજતા નથી કે એક વખત પોતે પણ બાળક જ હતા. જાણતાં યે અજાણતાં બાળકોથી થયેલી ભૂલો થવાથી વડિલો નારાજ થતાં કે ગુસ્સો કરવાથી બાળક વધારે ને વધારે બગડતો હોય છે અને પરિણામે બાળકો કોઈક વખત વડીલોની સામે બોલતા થઈ જાય છે. પણ બાળક જોડે બાળક થઈને રહેતાં અથવા પ્રેમથી વાત કરવાથી તે બાળક વડિલોનો વિશ્વાસ જીતી શકે છે તથા તેમનુ કહેવું પણ માને છે.

બાળકોના જન્મ પછી સુસંસ્કાર સિંચવાની મા બાપની પહેલી ફરજ બની રહે છે. પ્રેમ અને હૂંફ રૂપી ફૂવારામાં તથા લાગણી રૂપી સરોવરમાં તેને નવડાવો જોઈએ જેથી તે જ બાળક મોટું થતાં પ્રેમાળ, કોમળ, મળતાવડો, ઠરેલ, આસ્તિક, હોશિયાર, ચપળ, કુળદીપક, નમ્ર, શૂરવીર, નિર્ભય, નીડર, વિનીત, સમજુ સજ્જન, પરમાર્થ, સંતોષી તથા કૃપાળુ બની રહે.

આજકાલ મોંઘવારી વધતા, મહિલાઓના ભણતરમાં વધારો થવાથી અથવા દેખાદેખી અને ટી. વી. સિરિયલોમાં આવતી કહાનીથી આકર્ષાઈને કે પૈસાની ખેંચ થવાથી મહિલાઓ પણ નોકરી કરવા માટે પ્રેરાઈને ઘરમાં બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા ન હોવાથી બાળકોને સારાં સંસ્કાર સિંચવવામાં પાછા પડતા હોય છે.

અમુક વડિલ કે મા બાપ પોતાનાં બાળકને અવારનવાર બીજાઓની હાજરીમાં સતત ઠપકો આપીને ઉતારી પાડતા હોય છે અને દબડાવતા અચકાતા નથી હોતા તથા પોતે પોતાની જાતને સર્વોપરી ગણતાં હોય છે અને પોતે જ સાચા છે એમ માનીને બાળકો જોડે બહું જ તિરસ્કારથી વર્તતા હોય છે અને કંઈ મોટું કામ કર્યાનોઅહેસાસ કરતા હોય છે.

અમુક બનાવોમાં વિદ્યાર્થીઓ નાનામોટા વાંકમા આવતા શિક્ષકો તેઓને મારઝૂડ કરીને સજા કરતાં હોય છે તથા કોઈક વખત વિદ્યાર્થીઓની આંખ કે કાન પર આડ અસર થાય છે. અમુક વખતે બાળકોને જરૂરત વગર ધમકાવવાથી તેઓને મનમાં ડર પેસી જતા તેઓ જીવનભર ગભરાતા રહેતા હોય છે જેથી પોતાની મેળે પોતાનુ કોઈ પણ કામ કરી શકતાં નથી હોતા.

કહે શ્રેણુ આજ
ભૂલી ન જા, તું પણ હતો બાળ એક 'દિ,
બની જાશે, આ બાળ પણ યુવાન વર્ષો બાદ.
ન કર હેરાન પરેશાન તેને હવે પછી કદી,
બતાવી દે તુજ વહાલ તેને,
બનાવીને યાર તુજનો હવે બાદ.

અમેરિકા જેવા પ્રગતિશીલ દેશમાં બાળકોની સારસંભાલ તથા દેખરેખ માટે સરકારે સખ્ત કાયદા ઘડીનેબાળ સુરક્ષામાં વધારો કર્યો છે. અમેરિકામાં વડિલો હોય શિક્ષક, મા હોય કે બાપ તરફથી થતી હેરાનગતિનો ભોગ બનતા બાળકો પણ પોલીસને તરત જ જાણ કરીને બોલાવી શકે તે હેતુથી બાળકોને સ્કુલમાંથી પોલીસનો ટેલીફોનનો નંબર જણાવવો પડે છે તથા લખીને આપવો પડે છે

ભારતમાં મહિલા અને બાળવિકાસ મંત્રાલયે બાળકો સામેના ગુનાઓના સંદર્ભના કાયદાનો મુસદો તૈયાર કર્યો છે. આ મુજબ બાળક સાથે થતો કોઈ પણ પ્રકારનો દુવ્યવહાર સજાને પાત્ર ઠરશે.

શુભ સંસ્કારોનો સ્થંભ : રાજ્યકવિ પિંગળશી પાતાભાઈ નરેલા

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

કવિરાજ પિંગળશીભાઈને શ્રધ્ધાંજલી આપતાં ઝવેરચંદ મેઘાણીએ તા.૦૮-૦૩-૧૯૩૯ના રોજ પોતાની 'જન્મભૂમિ' અખબારની કોલમ 'કલમ-કિતાબ' માં લખ્યું :

"તા.૦૪-૦૩-૧૯૩૯ અને ફાગણ-સુદ-૧૪ ના દિવસે દેવતુલ્ય કવિરાજ પિંગળશીભાઈનો દેહ ભાવનગર મુકામે પડ્યો છે. સાહિત્યનો અખંડ આરાધક દીવડો ઓલવાયો છે. જુનવટના સર્વ શુભ સંસ્કારોનો માનવદેહે વિચરતો સ્થંભ ભાંગ્યો છે.' ઈ.સ. ૧૮૫૬માં જેમનો જન્મ થયો હતો તેવા પિંગળશીભાઈ ભાવનગર રાજયના રાજયકવિ તથા સુવિખ્યાત સર્જક હતા. જાજ્વલ્યમાન વ્યક્તિત્વના તેઓ સ્વામી હતા. મહાકવિ નાનાલાલે કવિરાજના પુત્ર હરદાનભાઈને તા.૦૮-૦૩-૧૯૩૯ના રોજ પત્ર લખીને કવિની સ્મૃતિને વંદન કર્યા. નાનાલાલે લખ્યું : "આ અવસાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. ભાવનગર મહારાજાના મુગટમાંથી એક હીરો ખડી પડ્યો છે.' કવિરાજની શોકસભામાં કવિ શ્રી દુલા કાગે સ્વરચિત રચના પ્રસ્તુત કરીને પિંગળશીભાઈના વ્યક્તિત્વને બીરદાવ્યું. ભગતબાપુએ લખ્યું :

મહારાજાઓને ડાયરે ડાયરે
સાચું સંભળાવતો મેં દીઠો,
ઝૂંપડીઓની વણીને વેદના,
ગીતમાં ગાતો મેં દીઠો...
પિંગળશીને સઘળે સ્થાનકે દીઠો.

ભાવનગર રાજયના રાજયકવિ તરીકે પિંગળશીભાઈએ કવિ ઉપરાંત એક ઉદાર ચરિત્ર તથા સંસ્કારયુક્ત વ્યક્તિ તરીકે બહોળી પ્રસિધ્ધિ તથા કીર્તિ મેળવ્યા હતા. તેમનો જન્મ ભાવનગર રાજયના સિહોરમાં થયો હતો. પિંગળશીભાઈના પિતા પાતાભાઈ સમર્થ કવિ તેમજ સુવિખ્યાત વાર્તાકાર હતા. ભાવનગરના મહારાજા અખેરાજજીના વખતમાં તેઓ રાજયકવિ હતા. મહારાજા અખેરાજજી પછી જસવંતસિંહજી ગાદીએ આવ્યા. તેમની પણ લાગણી કવિરાજ તરફ સતત રહી. ભાવનગરના સમર્થ દીવાન ગગા ઓઝા પાતાભાઈને ખૂબ ચાહતા હતા. પાતાભાઈ ખૂબ વિદ્વાન હતા. કીનલોક ફાર્બસે ભાવનગરના ઈતિહાસ માટે રાજયકવિ પાતાભાઈ પાસેથી વિગતો મેળવી હતી. કવિરાજ પાતાભાઈના પ્રતાપી પુત્ર પિંગળશીભાઈએ પણ સ્વબળે કીર્તીના ઊંચા શિખરો સર કર્યા હતા. તેમણે પોતાની પેઢી દર પેઢીની પ્રતિષ્ઠા જાળવવા ઉપરાંત તેમાં નોંધપાત્ર વૃધ્ધિ કરી રાજવી સાથેના તેમના સંબંધો સૌહાદપૂર્ણ રહ્યા.

પિંગળશીભાઈએ દસેક પુસ્તકો લખ્યા હતા. ઉપરાંત કવિરાજે સત્યનારાયણની સંસ્કૃત કથાનું સરળ ભાષામાં કાવ્ય સ્વરૂપે ભાષાંતર કર્યું. સંસ્કૃતમાં હોવાના કારણે જે કથા જન જન સુધી પહોંચી શકતી ન હતી તે પવિત્ર કથા કવિરાજના સરળ તરજુમાથી જન સામાન્ય સુધી પહોંચી. આમ પણ કાવ્ય તથા કથનમાં સરળતા એ કવિ પિંગળશીભાઈના વ્યક્તિત્વનું એક અભિન્ન પાસુ હતું. જે કથા સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં વર્ષો સુધી ગવાતી રહી હતી. કવિરાજ શબ્દાડંબર વાળી અઘરી ભાષામાં કાવ્ય રચના કરતા ન હતા. તેમના કાવ્યો સામાન્ય લોકો સરળતાથી માણી શકે તેવા છે. તેથીજ તેમની રચનાઓ આજે પણ ગવાતી રહી છે. એક અર્થસભર દુહામાં લખે છે :

કયું અટકત શુભ કાજમેં
ખટપટ મત કર ખ્યાલ
કઠિન ઝપટ શિર કાલકી
ઝટપટ તજ જંજાલ.
ઝટપટ મન ચેત કપટ તજ ખટપટ,
કાળ નફટ શિર ઝપટ કરે.

(છંદ : રેણકી)

કવિરાજની એક ત્રિભંગી છંદમાં થયેલી રચના આજે પણ સ્ટેજ પરથી અનેક કલાકારો રજૂ કરે છે :

પ્રોણા પાવાનું ગુણ ગાવાનું
ખવરાવવાનું ખાવાનું
ઘોડે ચડવાનું મુંછે તાનુ
ધવરાવવાનું ધાવાનું
કૃત શૂરવીરતાનું પ્રભુ કૃપાનું
વીર થવાનું મહારથી,
વીત વાવરવાનું રણ ચડવાનું
નામરદોનું કામ નથી.

આવોજ એક બીજો ત્રિભંગી છંદ પણ સુવિખ્યાત છે. વર્ષના બારેમાસની વિશેષતાઓ દર્શાવતો આ છંદ છે. તેમાં એક સુંદર વર્ણન વર્ષાઋતુનું છે.

અષાઢ ઉચારં મેઘ મલારં
બની બહારં જલ ધારં,
દાદૂર હકારં મયુર પુકારં
તડિતા તારં વિસ્તારં,
ના લહી સંભારં પ્યાસ અપારં
નંદકુમારં નિરખ્યારી
કહે રાધે પ્યારી હું બલિહારી
ગોકુલ આવો ગિરધારી.

ગોકુળમાંથી કૃષ્ણ વિદાય પછી કૃષ્ણભક્તો પ્રભુની ઝંખના કરતા રહે છે. ભક્તો તેમની વાત કૃષ્ણને કહે છે. આ બાબત એક સરળ કાવ્ય થકી પિંગળશીભાઈએ અલગ અંદાજમાં લખી છે. પોતાના પ્રિય સખા કૃષ્ણને મહેણુ મારતા ગોકુળના જનો આ વાત કરે છે. કહે છે કે તમને તો હવે મથુરાના ભવ્ય પ્રાસાદોમાં વિહાર કરવાનું મળ્યું છે આથી હવે ગોકુળ જેવું ધૂળિયું ગામ તમને શે ગમે ? આ કાવ્ય પણ ખૂબ લોકભોગ્ય થયું છે.

ગોકુળિયું નાનું ગામડિયું
શા માટે આવો શ્યામ.
મથુરા અંદર મણિમય મંદિર,
ધૂળથી રચેલાં એવાં કેમ ગમે ધામ..

કવિરાજ પિંગળશીભાઈની નીચેની રચના પણ ખૂબજ લોકપ્રિય બની છે : (રાગ : કાફી તાલ : દીપચંદ)

ગજબ હાથે ગુજારીને
પછી કાશી ગયાથી શું ?
મળી દુનિયામાં બદનામી
પછી નાસી ગયાથી શું ?
દુઃખી વખતે નહીં દીધું
પછી ખોટી દયાથી શું ?
સુકાણા મોલ સુષ્ટિના
પછી વૃષ્ટિ થયાથી શું ?

ચન્દ્રવદન મહેતા તેમની સ્મૃતિ સંકોરતા કવિરાજ પિંગળશીભાઈ માટે લખે છે :

"કવિરાજને ભાવનગરમાં ભરાયેલી સાહિત્ય પરિષદ વખતે જોયેલા કવિ ખબરદાર અને બ. ક. ઠાકોર સાથે પાનવાડીમાં તેમના દર્શનનો લાભ મળ્યો હતો.. તેમના જેવા પ્રભાવશાળી વ્યક્તિને જોઈ ભય તો નહિ પરંતુ "ઓ' થકી વાત કરતા હામ નહોતો ભીડી શક્યો. મનમાં અચરજ થાય. સભાજનોને મંત્રમુગ્ધ કરનાર, સમય સંજોગોને અનુરૂપ શીઘ્ર કવિતા લલકાવનાર કવિ મહાશયો તે આ ! ' (પ્રવેશક : પિંગળવાણી) કવિરાજ પિંગળશીભાઈની સુમધુર સ્મૃતિ ચિરંજીવી છે. કવિરાજની કથનીનું આ બળ ઘણું પ્રભાવી હતું. તેનું એક કારણ તો સાહિત્યની તેમની જન્મદત્ત સૂઝ હતી. પરંતુ બીજુ એક મહત્વનું કારણ તેમની ગરીમા તથા ઉદારતાયુક્ત કરણી કે જીવનશૈલી હતા. આ રાજ્યકવિ રાજયની જાહોજલાલીથી મુક્ત રહીને રાજયના અનેક ધૂળધોયા લોકોને પારખનારા અને તેમના કાર્યોને ઉદારતાથી બીરદાવનારા હતા. જન જન સાથેનો તેમનો સંબંધ અને સંપર્ક રાજવીઓને સાચા અને ન્યાયપૂર્ણ નિર્ણયો કરવામાં દિશાસૂચક બનતા હતા. કવિ પિંગળશી પાતાભાઈ નરેલા ઉજળી પરંપરા અને ઉચ્ચ આચાર – વિચારના ધારક, વાહક તેમજ પ્રવર્તક હતા. તેમની લોકભોગ્ય રચનાઓના માધ્યમથી તેઓ આજે પણ જીવંત તથા ધબકતા છે.

પગે પડીને મેં જયાં ખાવાનું માંગ્યું, ત્યાં ભાણામાં પથરા મળ્યા! : ગાંધી

સંભારણા દાંડીકૂચ સત્યાગ્રહના

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

આજે ૧૨ માર્ચ છે. આજથી બરાબર ૯૨ વર્ષ પહેલા મહાત્મા ગાંધીએ અંગ્રેજ વાઈસરોય લોર્ડ અર્વિનને વિગતવાર લંબાણપૂર્વકનો પત્ર લખ્યો હતો. આ પત્રમાં ગાંધીજીએ દાંડીયાત્રા પહેલા સમાધાનપૂરવક અન્યાયી કર પાછો લઈ લેવા વિનંતી હતી. આ પત્ર દ્વારા ગાંધીજી બ્રિટીશ સલ્તનતને મીઠાને લગતા કાયદાઓનો અનાદર કરવાનું પગલું પોતાના સાથીઓ સાથે ભરશે એમ જણાવ્યું હતું. વાઈસરોયને લખેલો આ પત્ર તેમણે તેમની સાથે ઘણા વર્ષોથી જોડાયેલા અંગ્રેજ યુવક રેજિનાલ્ડ રેનલ્ડ્સ મારફતે મોકલ્યો હતો. પ્રિય મિત્રના સંબોધન સાથે શરૂ થયેલો અને આપનો સાચો મિત્ર મોહનદાસ કરમચંદ ગાંધીની સદીથી સમાપન થયેલા પત્રમાંની વિગતો જોવા જેવી છે. પત્રમાં ગાંધીએ અંગ્રેજ રાજયને ઓક બલા ગણાવીને શા માટે તેઓ આમ માને છે એની સ્પષ્ટતા કરી હતી. અંગ્રેજી રાજયે એક એવા પ્રકારનું તંત્ર ગોઠવી દીધું છે કે હિંદુસ્તાન સદૈવ વધતાં પ્રમાણમાં સુચાયા જ કરે. વળી એ તંત્રનો દિવાની અને લશ્કરી ખર્ચ એટલો તો સત્યાનાશ વાળનારો છે કે દેશને એ કદી પોસાઈ શકે એમ નથી. પરિણામે હિન્દુસ્તાનની રાંકડી પ્રજા ભિખારી થઈ ગઈ છે. રાજકીય દષ્ટિએ અંગ્રેજી રાજયએ એમને લગભગ ગુલામ બનાવી દીધા છે.

ગાંધીજીએ પત્રમાં વિવિધ મુદ્દાઓની સટીક વાત લકીને સ્વરાજ મેળવવા માટેના પ્રયાસરુપે દાંડીકૂચની જાણકારી તો આપી પણ અંગ્રેજ વાઈરસોયને પત્ર પણ કડક લખ્યો હતો. સાચી સ્વતંત્રતા શેમાં છે? એવા પ્રશ્ન મુદ્દા હેઠળના લખાણમાં તેઓ કહે છે, જમીન મહેસૂલનો બોજો રૈયતને કચડી નાંખનારો છે. એમાં ફેરફાર થવો જોઈએ. ગરીબ રૈયતને જેના વગર ચાલે નહીં એવી રોજની જરૂરિયાતની ચીજ નમક ઉપર પણ બોજો લદાયો છે. મીઠું એવી વસ્તુ છે. જે શ્રીમંત વ્યક્તિ કરતાં ગરીબે વધુ ખાવું જોઈએ, એ જો ખ્યાલમાં રાખીએ તો મીઠા પરનો કર ગરીબને કેટલા ભારરુપ છે તે જણાઈ આવે છે.'

'એ તંત્રને તિલાંજલી આપો' એવા મુદ્દા સાથે જગતની સૌથી વધારે ખર્ચાળ એવા પરદેશી રાજયતંત્ર ગણાવીને અંગ્રેજ રાજયતંત્રને નિભાવવા માટે બધા પાપો ચાલુ રાખવામાં આવે છે. એમ સીધુને સટ લખ્યું હતું. કશાય શબ્દો ચર્યા વગર તેમણે વાઈસરોયને જ તેમના પગારનું દષ્ટાંત એના માટે દીધું હતું. અર્વિનને એના પગાર અંગે સીધું લખતા કહ્યું કે, આપનો પગાર માસિક રૂા. ૨૧,૦૦૦ થી વધુ છે. એ ઉપરાંત તેમાં ભથ્થા અને બીજા આડાઅવળા ઉમેરા જુદા. એની સામે ઈંગ્લેન્ડના મુખ્યપ્રધાનને ૫૦૦ પાઉન્ડ મળે. આજના ભાવે રૂા. ૫૪૦૦ થી કંઈક વધુ (૧૯૩૦ મુજબ) મળે છે. ભારતમાં દરેક માણસની સરેરાશ આવક બે આનાથી ઓછી છે, ત્યાં આપને રૂપિયા ૭૦૦થી વધારેનો રોજ મળે છે! આ રીતે આપ પગારરુપે ૫ હજારથી વધુ હિંદીઓની કમાણી ઉપાડો છો. જયારે ઈંગ્લેન્ડનો મુખ્ય પ્રધાન ૯૦ અંગ્રેજોની કમાણી ઉપાડે છે. આ અજબ વિષમતા ઉપર ધ્યાનપૂર્વક વિચારી જોવા બે હાથ જોડીને ગાંધીજીએ વિનંતી કરી હતી.

આ ઉપરાંત ગાંધીએ લખ્યું હતું કે, 'કઠોર પણ સાચી હકીકત બરાબર સમજાય તે માટે મારે આપનો અંગત દાખલો દેવો પડ્યો છે.'

અહિંશા યમપાશમાંથી છોડાવે એવી લાગણી વ્યક્ત કરતા તેઓ લખે છે : શુદ્ધ અહિંસા સિવાય બીજા કશાથી બ્રિટીશ સરકારની વ્યવસ્થિત હિંસા અટકાવી શકાશે નહીં. અહિંસાની અમોધ શક્તિમાં મારી નિઃશંક અને અડગ શ્રદ્ધા હોવાથી તેનો પ્રયોગ કરવાને બદલે હું માથે હાથ જોડીને બેસી રહું તો મને લાગે છે કે હું પાપમાં પડું. અહિંસા દ્વારા બ્રિટીશ પ્રજાને એવો હૃદયપલટો કરાવવાની મારી ઉમેદ છે કે જેથી તેમને અંગ્રેજોએ હિંદને કરેલા નુકશાનને સ્પષ્ટ જોઈ શકે. સવિનય કાનૂન ભંગ દ્વારા સત્યાગ્રહ કરવાની યોજના અન્યાય સામે લડવાની રહેશે.

ગાંધી 'તમે ન સાંભળો તો' - એવા મુદ્દા સાથે લખે છે : 'અન્યાયને સ્વીકારો અને તેને તત્કાલ દૂર કરવાનો માર્ગ કાઢો. જો અનિષ્ઠો દૂર કરવાનો આપ કોઈ ઉપાય નહીં શોધો અને મારા કાગળની આપ ઉપર અસર નહીં થાય, તો આ મહિનાથી ૧૨મી તારીખે આશ્રમનાં સાથીઓ સાથે મીઠાને લગતા કાયદાઓનો અનાદર કરવાનું પગલું ભરીશ. મને કેદ કરીને મારી યોજના નિષ્ફળ કરવાનું આપના હાથમાં છે, એ હું જાણું છું. હું આશા રાખું છું કે મારી પાછળ લાખો માણસ વ્યવસ્થિત કામ ઉપાડી લેશે. અને જે મીઠાના કાયદા કદી થવા જ જોઈતા ન હતા એનો ભંગ કરી કાયદાની રૂએ થનારી સજાને ભોગવવા તૈયાર છું. જો કાગળમાં વજૂદ લાગતું હોય તો તારથી મને જાણ કરશો તો હું ખુશી તેમ કરતો અટકીશ. મારા કાગળના મુખ્ય મુદ્દાઓ સ્વીકારવાનું આપને અશક્ય લાગતું હોય તો મને મારા માર્ગેથી પાછા ફેરવવાનો પ્રયત્ન કરશો નહીં એવી વિંતી બાપુ કરે છે. આ કાગળ ધમકીરુપે લખાયેલો નથી, પાછા તેઓ સત્યાગ્રહના સરળ અને પવિત્ર ધર્મના પાલન અંગે છે એમ સ્પષ્ટ કરે છે.'

જો કે આ પત્રને વાઈરસોય અર્વિને બહુ ગંભીરતાથી લીધો નહીં. આ પત્રની વાતનું વજન તે સમજ્યા નહીં એ વાઈરસોયની બહુ મોટી રાજકીય ભૂલ થઈ. પણ એ ભૂલ ભારતને અને ગાંધીને ફળી. એના લીધે જ દાંડીકૂચ યોજાઈ અને દેશભરમાં સ્વરાજ માટેનું જાગૃતિસર દેશવ્યાપી અને જગતે અત્યાર સુધીમાં ન જોયેલું અસરકારક જન આંદોલન થઈ શક્યું. વાઈસરોયે તો ગાંધીના પત્રનું ઓછું મૂલ્ય આંકીને પત્રનો જવાબ તેમના ખાનગી મંત્રી પાસેથી મોકલીને સુલેહશાંતિના ભંગ અને કાયદાનો અનાદર થવાનો ભય છે. એ સામે અર્વિને દિલગીરી ઉપજી છે એમ જ જણાવ્યું. ગાંધીજીએ આ પત્રને 'વાસી' જવાબ કહ્યો. ખેદ વ્યક્ત કરીને બોલ્યા :

'પગે પડીને મેં જયા ખાવાનું માંગ્યું, ત્યાં ભાણામાં પથરા મળ્યાં!'

(વિશેષ વાચન ભલામણ : દાંડીકૂચ, ધીરુભાઈ હી. પટેલ નવજીવ પ્રેસ, અમદાવાદ)